પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૪૩, કુલ પાના:૪, તારીખ: ૧૦-૦૨-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 143 PRICE :-RS. 1.50 DATE : 10-02-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ચીનના વુહાનથી આખી દુનિયામાં ફેલાયો હતો કોરોના વાયરસ: WHO




જિનિવા,
વૈશ્વિક કોરોના મહામારીના જડ સુધી પહોંચવા માટે તપાસ અર્થે ચીનના વુહાન શહેર પહોંચેલી વિશ્વ સ્વાસ્થ સંગઠનની ટીમે મહત્વનો ખુલાસો કર્યો છે. WHOની ટીમનું કહેવુ છે કે, આ વાતના સ્પષ્ટ પૂરાવા મળ્યા છે કે, ચીનના વુહાનમાં સ્થિત મિટ માર્કેટથી જ કોરોના વાયરસ બહારની દુનિયામાં ફેલાયો હતો.

વિશ્વ સ્વાસ્થ સંગઠનના બેન એમ્બાર્કનું કહેવુ હતું કે ટીમને ડિસેમ્બર ૨૦૧૯થી પહેલા વુહાન કે અન્ય કોઈ સ્થળે કોરોના વાયરસ સંક્રમણના પૂરાવા મળ્યા ન હતા, પરંતુ ટીમને ડિસેમ્બર ૨૦૧૯માં વુહાન હુઆનન માર્કેટથી વાયરસ સંક્રમણ બહારની દુનિયામાં ફેલાયુ હોવાના પૂરાવા મળ્યા હતા. બેનનું કહેવુ હતું કે આ વુહાન ઈન્વેસ્ટિગેશનમાં નવી જાણકારીઓ સામે આવી હતી, પરંતુ વાયરસ સંક્રમણને લીધે વર્તમાન પરિસ્થિતિઓમાં કોઈ નાટકીય ફેરફાર આવ્યા નથી.

ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસ સંક્રમણ ફેલાવાના શરુઆતમાં જ એવા અનુમાન લગાવવામાં આવ્યા હતા કે આ મહામારી ચીનમાંથી ઉદભવી અને આખા વિશ્વમાં ફેલાઈ હતી. ડિસેમ્બર ૨૦૧૯માં વુહાનમાં કોરોના વાયરસ સંક્રમણનો પહેલો કેસ સામે આવ્યો હતો, જે પછી ચીનમાં ફેલાયો હતો અને ગણતરી દિવસોમાં મોટાભાગના દેશોમાં ફેલાઈ ગયો હતો. કોરોના મહામારીને લીધે મોટાભાગની અર્થવ્યવસ્થાઓ પડી ભાંગી છે, જે હવે ધીમે ધીમે ઉભરી રહી છે. આશરે ૧ વર્ષ સુધી લોકડાઉન જેવા ગંભીર હાલાતો સામે ઝઝૂમી રહેલી દુનિયાએ એ સમયે કોરોના મહામારીને ચીનને જવાબદાર ઠેરવ્યું હતું. જોકે ચીન એ સમયથી કોરોના મહામારીના ઉદભવ અને ફેલાવા માટે પોતાને જવાબદાર નથી માનતુ. તે પહેલેથી આ મુદ્દાને નકારતું આવ્યું હતું.

**વુહાન પહોંચેલી WHOની ટીમે વુહાનથી બહારની દુનિયામાં વાયરસ ફેલાવાના પૂરાવા લીધા**

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ મતગણતરી માટેની ચૂંટણી પંચે બહાર પાડી એસોપી




ગાંધીનગર,
કોરોના મહામારી વચ્ચે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ચૂંટણી પંચે માર્ગદર્શિકા જાહેર કરી છે. જે મુજબ મતગણતરી હોલમાં ૭થી વધુ ટેબલ ગોઠવી શકાશે નહીં. તમામ સ્ટાફે માસ્ક ફરજીયાત પહેરવું પડશે. સાથે જ હોલને સેનિટાઈઝ કરવો પડશે. થર્મલ ગન રાખવી પડશે. તેમજ યોગ્ય પબ્લિક એડ્રેસ સિસ્ટમ ગોઠવવાની પણ સૂચના અપાઈ છે. જો મતગણતરી એજન્ટ કોરોના પોઝિટિવ જણાય તો અન્યની નિમણૂંક કરી શકાશે. સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે પ્રકારે હોલનુ આયોજન કરવું પડશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતગણતરી માટે ચુંટણી પંચે માર્ગદર્શિકા જાહેર કરી દીધી છે. કોરોના સંક્રમણના પગલે માર્ગદર્શિકાનું ફરજિયાતપણે પાલન કરવા જણાવાયું છે. જેમાં મત ગણતરી હોલમા સાત કરતા વધુ ટેબલ ગોઠવી શકાશે નહીં, જેના કારણે વધારે લોકો ભેગા નહીં થઈ શકે. મતગણતરીમાં રોકાયેલ તમામ સ્ટાફે પોતાના માઢે માસ્ક ફરજીયાત પહેરવાનું રહેશે. મતગણતરી પહેલા હોલને સેનેટાઈઝ કરવો પડશે, એટલું જ નહીં, થર્મલ ઘનની વ્યવસ્થા રાખવા પણ સુચના અપાઈ છે. મત ગણતરી એજન્ટ કોરોના પોઝિટીવ જણાય તો અન્ય એજન્ટ નિમી શકવાની ઓથોરિટી આપવામાં આવી છે. સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે પ્રકારે હોલનુ આયોજન કરવુ પડશે. મત ગણતરી સ્થળ પર યોગ્ય પબ્લિક એડ્રેસ સિસ્ટમ ગોઠવવા પણ સુચના અપાઈ છે.

## ભારતીયોને ઝટકો: UAEથી સાઉદી અરબ અને કુવૈત જવા પર પ્રતિબંધ



રિયાધ,
અબુધાબીમાં ભારતના દૂતાવાસે ભારતીયોને સંયુકત અરબ અમીરાત થઈ સાઉદી અરબ અને કુવૈત ની યાત્રા ના કરવાની સલાહ આપી છે. આવું આ બંને દેશોમાં UAEથી આવનાર પેસેન્જરને લઈ લગાવામાં આવેલા કોવિડ પ્રતિબંધોના લીધે છે. સોમવારના રોજ દૂતાવાસે એક એડવાઈઝરી રજૂ કરી. તેમાં કહ્યું કે ભારતથી બહારની યાત્રા પર નીકળતા પહેલાં પોતાના ગંતવ્ય દેશમાં કોવિડ સંબંધિત નવી યાત્રા દિશા-નિર્દેશો અંગે જાણી લો.

સાથો સાથ નાગરિકોને આકસ્મિક જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતા પૈસા અને ખાવાની વસ્તુઓ સાથે રાખવાની ભલામણ કરી છે. દૂતાવાસે એ ભારતીય નાગરિકોને પણ સલાહ આપી છે જે પહેલેથી જ સંયુકત અરબ અમીરાતમાં છે અને ત્યાંથી સાઉદી અરબ કે કુવૈત જવાના છે. આ પેસેન્જરને ઘરે પાછા ફરતા અને બાદમાં પ્રતિબંધોમાં ઢીલ આપવા પર જ મુસાફરી કરવા માટે કહ્યું છે.

આ એડવાઈઝરી ત્યારે રજૂ કરવામાં આવી છે જ્યારે ભારતીય દૂતાવાસને સાઉદી અરબ અને કુવૈત જતા કેટલાંય ભારતીયોના યુએઈમાં ફસાયાની માહિતી મળી હતી. દૂતાવાસના એક અધિકારીએ ખલીજ ટાઈમ્સને કહ્યું કે ડિસેમ્બર ૨૦૨૦થી જ કમ સે કમ ૬૦૦ ભારતીય યુએઈમાં ફસાયા છે. તેઓ સાઉદી અરબ કે કુવૈતની યાત્રા કરવા માંગતા હતા. અધિકારીએ કહ્યું કે આંતરરાષ્ટ્રીય યાત્રા પ્રોટોકોલમાં ઝડપથી ફેરફાર થવાના લીધે મિશન સાઉદી અરબ અને કુવૈત જવા માટે યુએઈનો ઉપયોગ ના કરવાની સલાહ આપે છે જેથી કરીને તેઓ UAE ફસાય નહીં.

આની પહેલાં આ પેસેન્જર્સને મિશને કેરલ મુસ્લિમ કલ્ચરલ સેન્ટર અને અન્ય સામાજિક સંગઠનોની મદદથી યાત્રા માટે ખાસ વ્યવસ્થા કરાવી હતી. પરંતુ હવે અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે આવી સુવિધાઓ ફરીથી ઉપલબ્ધ કરાવશે નહીં. સાઉદી અરબ અને કુવૈત બંને ભારતીયો સહિત વિદેશી નાગરિકોની યાત્રા પર પ્રતિબંધ મૂકી દીધો છે.

## શહતૂત ડેમ પર ભારત-અફઘાન વચ્ચે સંધિ, અફઘાને ભારતનો આભાર માન્યો




ન્યુ દિલ્હી,
ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે મંગળવારે યોજાયેલી વર્ચુઅલ સમિટમાં મહત્વની સંધિ થઈ હતી. જે હેઠળ ભારત અફઘાનની રાજધાની કાબૂલની નદી પર શહતૂત ડેમનું નિર્માણ કરશે, જેથી લોકોને સરળતાથી સ્વચ્છ પેયજળ અને સિંચાઈ માટે પાણી મળી રહે. આ માટે ભારત અને અફઘાનિસ્તાનના વિદેશ મંત્રીઓએ રેં સાઈન કર્યા હતા.

બંને દેશો વચ્ચે થયેલી મહત્વની સંધિને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે દેશને આ વાતથી ખુશી છે કે શહતૂત ડેમ નિર્માણથી કાબૂલમાં લોકોને પેયજળ અને સિંચાઈ માટે પાણીની સગવડ મળશે. તેમણે જણાવ્યું કે વિતેલ ૨૦ વર્ષથી ભારત અને અફઘાનિસ્તાન વિકાસના પ્રમુખ ભાગીદારો રહ્યા, ખેતી, સ્વાસ્થ, શિક્ષણ જેવા અનેક સેકટર્સમાં અમારી યોજનાઓ ફેલાઈ છે અને અન્ય પરિયોજનાઓથી બંને દેશો વચ્ચે મૈત્રી સંબંધ મજબૂત બન્યો છે.

અફઘાનના રાષ્ટ્રપતિ ગનીએ પણ આ સંધિ પર ખુશી જાહેર કરી હતી. તેમણે કોરોના વેક્સીન અને ડેમ નિર્માણ માટે વડાપ્રધાન મોદીનો આભાર માન્યો હતો. આ વર્ચુઅલ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ અશરફ ગની સહિત બંને દેશોના વિદેશ મંત્રીઓએ હિસ્સો લીધો હતો. સંધિ હેઠળ ડેમ નિર્માણથી કાબૂલમાં ૨૦ લાખથી વધુ લોકોને પીવાના પાણીની સગવડ મળશે અને ખેતી માટે પૂરતુ પાણી મળશે.

## GST વિભાગ દ્વારા કરચોરી કેસમાં ૫ લોકોની ધરપકડ




અમદાવાદ,
સરકાર દ્વારા વિવિધ એજન્સીઓ દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલા આંકડા અને સૂચનાઓના આધારે જીએસટી ચોરી રોકવા માટે સતત પગલા ભરી રહી છે, ત્યારે ગુજરાતમાંથી મોટી કરચોરીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. જેમાં સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા ૨૨ કરોડ રૂપિયાથી વધુ કિંમતની કરચોરી કેસમાં ૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ગુજરાતના સૌરાષ્ટ્રમાં આવેલ મોરબી સિરામિક ઉદ્યોગનું હબ મનાય છે. જ્યાં કરોડો રૂપિયાની લેવડ-દેવડ થતી હોય છે.

જેને પગલે સરકારી એજન્સીઓની ચાંપતી નજર રહેતી હોય છે. જેમાં મોરબીમાંથી સિરામિકનો માલ-સામાન બિલ વગર બહાર મોકવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. તપાસમાં ૩૯,૮૯,૦૦,૦૦૦ લાખ રૂપિયાનો માલ બારોબાર બિલ વિના મોકલીને ૭ કરોડ ૧૮ લાખ રૂપિયાની કરચોરી કરવામાં આવી હોવાનું જણાયું હતું. જ્યારે મોરબીના બોગસ બિલિંગના કૌભાંડમાં સામેલ ધ્રુવ વરોનેશિયા, કિશન અઘારા, અવિનાશ માકાસાણા અને ધવલ ફૂલતરિયાની ધરપકડ કરી હતી.

આ ટોળકીએ અત્યાર સુધીમાં ૧૩૦૫ ટ્રકો ભરીને માલની હેરફેર કરી નાખી હોવાનું સામે આવ્યું છે. આજ રીતે અમદાવાદમાં પણ પાન-મસાલા બિલ વિના સપ્લાય કરવામાં આવતા હતા. જેના પર જીએસટી વિભાગની ટીમે કાર્યવાહી કરતાં કુલ ૧૫ કરોડ ૩૧ લાખ રૂપિયાની કરચોરી ઝડપાઈ છે. આમ જીએસટી વિભાગે એક જ દિવસમાં મોરબી અને અમદાવાદમાં સઘન કાર્યવાહી કરીને કુલ ૨૨ કરોડ ૪૯ લાખ રૂપિયાની કરચોરી ઝડપી પાડી છે.

## રૂપિયા ૮.૫૩ લાખનું સાયબર ફ્રોડનું કૌભાંડ બહાર આવ્યું

અમદાવાદ,
ક્રેડિટકાર્ડ કૌભાંડમાં અમદાવાદ રેન્જ સાયબર ક્રાઈમે કાર્યવાહી હાથધરી છે. જેમાં ક્રેડિટ કાર્ડ ફ્રોડ મામલે આરોપીની ધરપકડ કરવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસે તપાસ દરમ્યાન આરોપી મિલન અલકેશભાઈ ચોક્સી ની ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસની તપાસમાં રૂપિયા ૮.૫૩ લાખનું સાયબર ફ્રોડનું કૌભાંડ બહાર આવ્યું છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતુ કે આરોપી શાહીબાગ વિસ્તારમાં રહે છે.

જેથી વોચ ગોઠવી શાહીબાગથી આરોપી મિલનને ઝડપી પાડવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપીની પૂછપરછમાં પાંચ ગુનાના ભેદ ખુલ્યા હતા.

## વડાપ્રધાન મોદી રાજ્યસભામાં અમરનાથ યાત્રા દરમ્યાન થયેલ આતંકી હુમલાને યાદ કરી રડી પડ્યા



ન્યુ દિલ્હી,
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજ્યસભામાં ૪ રાજ્યસભાના સાંસદોના વિદાય ભાષણ આપી રહ્યાં હતાં. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા ગુલામ નબી આઝાદના ભારોભાર વખાણ કરી રહ્યાં હતાં. આ દરમિયાન તેમણે અમરનાથ યાત્રા દરમિયાન ગુજરાતની એક પ્રવાસીઓ ભરેલી બસ પર થયેલા એક આતંકવાદી હુમલાને યાદ કરતા રીતસરના રડી પડ્યાં હતાં.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ આતંકી ઘટના ઘટી ત્યારે ગુલામ નબી આઝાદ રાજનીતિથી ઉપર ઉઠીને કઈ કઈ રીતે મદદ કરી તેને લઈને આખી કહાની સંભળાવી હતી. આ દરમિયાન અનેકવાર પીએમ મોદી સદનમાં રીતસરના રડી પડ્યાં હતાં.

પીએમ મોદીએ કહ્યું હતું કે, ગુલામ નબી આઝાદ દળની સાથો સાથ દેશની પણ ચિંતા કરે છે. તેમની જગ્યા ભરવી કોઈ પણ માટે મુશ્કેલ છે. જ્યારે હું ચૂંટણીની રાજનીતિમાં નહોતો ત્યારે ગુલામ નબી આઝાદ અને અમે એકવાર લોબીમાં વાતચીત કરી રહ્યાં હતાં. ત્યારે નજર ટાંપીને બેઠેલા મીડિયાકર્મીઓને આઝાદે મજેદાર જવાબ આપ્યો હતો.

આ દરમિયાન તેમણે અમરનાથની યાત્રાએ જઈ રહેલી ગુજરાતના તીર્થયાત્રીઓથી ભરેલી એક બસ પર જમ્મુ-કાશ્મીર થયેલા આતંકી હુમલાની ઘટનાને યાદ કરી હતી. પીએમ મોદીએ કહ્યું હતું કે, આ આતંકી ઘટનાને લઈને ગુલામ નબી આઝાદ સાથે મારી ફોન પર વાતચીત થઈ હતી. આ વાત કરતાની સાથે જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભાવુક થઈ ગયા હતાં. તેમણે આઝાદના વખાણ કરતા કહ્યું હતું કે, એક મિત્રના રૂપમાં ગુલામ નબી આઝાદને ક્યારેય નહીં ભુલી શકું.

પીએમ મોદીએ કહ્યું હતું કે, કાશ્મીરમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યા ઘણી વધારે હોય છે. પરંતુ એક વાર ગુજરાતના પ્રવાસીઓની એક બસ પર જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલામાં ૮ લોકોના મોત થયા હતાં. ત્યારે ગુલામ નવી આઝાદનો મારા પર ફોન આવ્યો હતો. આ કહેતા જ પીએમ મોદીનું ગળુ ભરાઈ ગયુ હતું. તેમણે રૂંધાયેલા સ્વરે વાત આગળ ધપાવતા કહ્યું હતું કે, આઝાદનો આ ફોન માત્ર ઘટનાની સૂચના આપવા માટે નહોતો. એ રાત્રે તેમણે મને ફોન કર્યો અને તેમણે પરિવારની ચિંતા કરે તે પ્રકારની ચિંતા કરી હતી. પદ અને સત્તા તો જીવનમાં આવતી જતી રહે છે પણ તેને કેવી રીતે પચાવવી તે આઝાદ પાસેથી શિખવું જોઈએ તેમ રૂંધાયેલા સ્વરે પીએમ મોદીએ ઈશારો કરીને કહી સંભળાવ્યુ હતું.

તેમણે કહ્યું હતું કે, આ મારા માટે ખુબ જ ભાવુક ઘડી હતી. ગુલામ નબી જ્યારે મારી સાથે ફોન પર આ આતંકી ઘટનાની વાત કરી રહ્યાં હતાં ત્યારે તેમના આંસુ અટકવાનું નામ જ નહોતા લેતા.

પીએમ મોદીએ આ ઘટનાને યાદ કરતા કહ્યું હતું કે, જ્યારે આ ઘટના ઘટી ત્યારે પ્રણવ મુખરજી દેશના રાષ્ટ્રપતિ હતાં. તેમણે સેના દ્વારા એક હવાઈ જહાંજની વ્યવસ્થા કરી હતી. આ વ્યવસ્થા મૃતકોના મૃતદેહ લાવવા માટેની હતી. આ દરમિયાન ગુલામ નબી આઝાદે એરપોર્ત પરથી જ ફોન કર્યો હતો. તેમણે કોઈ જાણે કે કોઈ પોતાના પરિવારની ચિંતા કરતુ હોય તેવી રીતે આ ઘટનાને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. આમ કહેતા જ પીએમ મોદી રડી પડ્યા હતાં. તેનો અનેકવાર બોલવાના પ્રયાસ કર્યા પણ રડવાના કારણે તેઓ બોલી શકતા નહોતા. વારંવાર પાણી પી ને તેઓ પોતાનું ભાષણ આગળ વધારવાનો પ્રયાસ કરતા હતાં પરંતુ પીએમ એ હદે ભાવુક થઈ ગયા હતાં કે, કંઈ જ બોલી શકતા નહોતા. અનેકવાર તો તેમણે ઈશારા દ્વારા પોતાની વાત કહેવી પડી હતી.

પીએમ મોદી ભાવુક થતા ખુદ ગુલામ નબી આઝાદ પણ ગળગળા થઈ ગયા હતાં. આ પળે આખી રાજ્યસભાનો માહોલ ગમગીન બની ગયો હતો. ઉપલા ગૃહમાં હાજર તમામ સાંસદોના ચહેરા ધીર ગંભીર બની ગયા હતાં અને સદનમાં સન્નાટો છવાઈ ગયો હતો.

## પેટ્રોલ સેન્ચ્યુરી મારવાની તૈયારીમાં: ત્રણ દિવસના બ્રેક બાદ ફરી વધ્યા ભાવ

ન્યુ દિલ્હી,
ત્રણ દિવસ બાદ દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી એકવાર આજે વધારો કરવામાં આવ્યો છે. આ વધારા સાથે જ મુંબઈમાં પેટ્રોલના ભાવ ૯૩.૮૩ રુપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયો છે, જ્યારે રાજધાની દિલ્હીમાં તેના ભાવ ૮૭ રુપિયાના લેવલને વટાવી ગયો છે. આજે પેટ્રોલ અને ડીઝલ બંનેની કિંમતમાં ૩૫ પૈસાનો વધારો ઝીંકાયો છે. પેટ્રોલના ભાવમાં સતત થઈ રહેલા વધારાને કારણે મુંબઈ અને દિલ્હી જેવા શહેરોમાં તે ગમે ત્યારે સેન્ચ્યુરી મારે તેવી સ્થિતિ સર્જાઈ છે. અમદાવાદમાં પેટ્રોલનો ભાવ ૮૪.૫૭ રુપિયાના અત્યારસુધીના સર્વોચ્ચ સ્તર પર પહોંચી ગયો છે, અને હવે તે ૮૫ રુપિયાનું લેવલ તોડવાની તૈયારીમાં છે. જ્યારે સુરતમાં તેનો ભાવ આજે ૮૪.૨૪ રુપિયા થયો છે. રાજકોટમાં પેટ્રોલ આજે થયેલા વધારા બાદ ૮૪.૩૫ રુપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે. આજે ભાવ વધ્યા તે પહેલા છેલ્લે ૦૫ ફેબ્રુઆરીના રોજ પેટ્રોલમાં ૩૦ પૈસા વધ્યા હતા. ૨૦૨૧માં અત્યારસુધી પેટ્રોલના ભાવમાં અત્યારસુધી પ્રતિ લિટર રુ. ૩.૫૯ જ્યારે ડીઝલમાં અત્યારસુધી ૩.૬૧ રુપિયા વધી ચૂક્યા છે. બીજી તરફ, બ્રેન્ટ ક્રુડની કિંમત સોમવારે વધીને ૬૦ અમેરિકન ડોલર પર પહોંચી હતી. કોરોનાની અસર ઓછી થતાં અને વેક્સિનેશન શરું થઈ જતાં માગ વધવાની શક્યતાએ ક્રુડ એક વર્ષની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગઈ છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એ. એમ. દેસાઈ
મુ. લીમડા ચોક-ડેરોલ સ્ટેશન, તા. કાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એમ. એ. દિવાન
મુ. પ્રતાપપુરા, તા. હાલોલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લા-તાલુકા કક્ષાના નોડલ અધિકારી અને નિવાસી અધિક કલેકટરના અધ્યક્ષ સ્થાને બેઠક મળી

લુણાવાડા, મહીસાગર જિલ્લા પંચાયત અને છ(૬) તાલુકા પંચાયતોની ચૂંટણી યોજવા મહીસાગર જિલ્લા વહીવટીતંત્ર સજ્જ બન્યું છે. મહીસાગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની ચૂંટણી આગામી તા.૨૮-૨-૨૦૨૧ના રોજ યોજવાની છે. જેના ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે આ ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને તટસ્થ માહોલમાં યોજાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા-તાલુકા કક્ષાના નોડલ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે.

મહીસાગર-લુણાવાડાના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ રાજ્ય ચૂંટણી આયોગના નોડલ અધિકારી અને નિવાસી અધિક કલેકટર આર. આર. ઠક્કરના અધ્યક્ષસ્થાને આજે કલેકટરાલય ખાતે જિલ્લા-તાલુકાના નોડલ અધિકારીઓની બેઠક મળી હતી.

આ બેઠકમાં ઠક્કરે તમામ નોડલ અધિકારીઓને જિલ્લામાં જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ મુકત, ન્યાયી અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજાય અને મતદારો ભયમુક્ત બની મતદાન કરી શકે તે માટેનું તેમજ આદર્શ આચારસંહિતાનું અમલીકરણ અંગેનું માર્ગદર્શન આપ્યું હતું.

ઠક્કરે ઉમેદવારોના હિસાબોની ચકાસણી અર્થે રચવામાં આવેલ નોડલ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપી હાલમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જિલ્લા પંચાયત મતદાર મંડળ માટે ઉમેદવારોની ખર્ચની મર્યાદા રૂા. ૪.૦૦ લાખ અને તાલુકા પંચાયત મતદાર મંડળના ઉમેદવારોની ખર્ચ મર્યાદા રૂા. ૨.૦૦ લાખ નિયત કરવામાં આવી હોવાનું જણાવી ઉમેદવારોના હિસાબોની ચકાસણી કરી મતગણતરી પૂર્ણ થયેથી જે તે ચૂંટણી અધિકારીને એક માસમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરને તેની વિગતો મોકલી આપવા કહ્યું હતું.

બેઠકમાં ઠક્કરે તમામ જિલ્લા-તાલુકાના નોડલ અધિકારીઓને કોવિડ-૧૯ની સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ સૂચનાઓનું પાલન થાય તે જોવા પણ સુચવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા-તાલુકાના તમામ નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સંતરામપુર તાલુકા અને જીલ્લા પંચાયતના ચૂંટણી માટે બે દિવસમાં ૧૦૫ ફોર્મનો ઉપાડ થયો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર તાલુકા પંચાયત કચેરી ખાતે સ્થાનિક સ્વરાજની જીલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે ફોર્મ વિતરણ શરૂ કરાયુ જેમાં બે દિવસમાં ૧૦૫ ફોર્મનો ઉપાડ થયો.

સ્થાનિક સ્વરાજની જીલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણી માટે ૮ ફેબ્રુઆરીના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. તેની સાથે ઉમેદવારી કરવા માટે રાહજોતાં ઉમેદવારો દ્વારા ઉમેદવારી ફોર્મ લેવા દોડ્યા હતા.

સંતરામપુર તાલુકા પંચાયતની ૧૪ બેઠકો તેમજ જીલ્લા પંચાયતની બેઠકો માટે ઉમેદવારી ફોર્મ લેવા ઘસારો જોવા મળ્યો હતો. સંતરામપુર તાલુકા પંચાયત કચેરી ખાતેથી બે દિવસમાં ૧૦૫ ફોર્મનો ઉપાડ થયો છે ઉમેદવારી ફોર્મ લઇ ગયેલ ઉમેદવારો સારા મૂહૂર્તમાં ફોર્મ ભરવામાં માટેની તૈયારીમાં લાગ્યા છે.

# મહીસાગરમાં આજે ૦૧ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૦૧૩ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૯-૦૨-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૦૧૩ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૫૬ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૨૪૦૮૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૪ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૪ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૦૬ દર્દી હોમ આઈસોલેશન અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૦ દર્દીઓ સ્ટેબલ અને ૦૨ દર્દીઓ ઓક્સિજન પર છે.


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

મહિસાગર જીલ્લાના કોઠંબા CHC ખાતે પ્રાથમિક શિક્ષકો અને આરોગ્ય વિભાગના કર્મચારીઓને કોરોના વેક્સિન મુકવામાં આવી હતી.

## લુણાવાડા પાલિકા દ્વારા સીંગલ યુઝ પ્લાસ્ટીકના ઉપયોગ બંધ કરવા બેનરો દ્વારા જાગૃતિ અભિયાન




લુણાવાડા, લુણાવાડા નગર પાલિકા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવા માટે વેપારી તેમજ નગરજનોમાં જાગુતિ માટે બેનરો લગાડવાની કામગીરી હાથ ધરી છે.

લુણાવાડા નગર પાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તેમજ પર્યાવરણના જતનની ચિંતા વ્યકત કરી અને લુણાવાડ પાલિકા વિસ્તારમાં વેપારીઓ તેમજ નાગરિકો દ્વારા સીંગલ યુઝર પ્લાસ્ટીક થેલીનો ઉપયોગ બંધ કરે તેવા ઉદ્દેશ સાથે જાગૃતિ અભિયાન શરૂ કર્યું છે. પાલિકા દ્વારા નગરના વિવિધ વિસ્તારોમાં સિંગલ યુઝ પ્લાસ્ટીક પ્રતિબંધના બેનરો લગાડવામાં આવ્યા છે. હાલ લોકો તે ઉપયોગ કરે તેવું પાલિકા ઈચ્છી રહ્યું છે. અગામી દિવસોમાં સીંગલ યુઝર પ્લાસ્ટીક માટે પાલિકા દ્વારા કાર્યવાહી કરવાનું મન બનાવ્યું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૦-૦૨-૨૦૨૧, બુધવાર, પોષ વદ-૧૪, સૂર્યોદય-૭-૨૭, સૂર્યાસ્ત-૬-૩૪, જૈન નવકારશી-૮-૧૫, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ ઉત્તરાષાઢા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૭-૨૩ થી લાભ-અમૃત-૧૦-૧૨ સુધી, ૧૧-૩૭ થી શુભ-૧૩-૦૧ સુધી, ૧૫-૫૧ થી ચલ-લાભ-૧૮-૪૦ સુધી, ૨૦-૧૫થી શુભ-અમૃત-ચલ ૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૭-૨૩ થી ૯-૧૫ સુધી,૧૦-૧૨ થી ૧૧-૦૮ સુધી,૧૩-૦૧ થી ૧૫-૫૧ સુધી, ૧૬-૪૭ થી ૧૭-૪૩ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૦.૦૨.૨૦૨૧ બુધવાર

મેષ (અ.લ.ઈ.):- તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો.

વૃષભ(બ.વ.ઉ.):- વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે.

મિથુન(ક.છ.ઘ.):- ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે. બાળકો કેટલાક રોમાંચક સમાચાર લાવી શકે છે.

કર્ક(ડ.હ.):- લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે.

સિંહ(મ.ટ.):- એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે.

કન્યા(પ.ઠ.ણ.):- મિત્રના ઠંડા પ્રતિભાવથી તમે વ્યથિત થશો.પણ મગજ શાંત રાખવાની કોશિષ કરજો. આ બાબત તમને છિન્નભિન્ન ન કરી નાખે તેની તકેદારી રાખો અને વ્યથા ટાળવાનો પ્રયાસ કરો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે.

તુલા(ર.ત.):- તમે નવરાશની લહેજત માણવાના છો. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. આજે પ્રેમનો જાદુ તમને અંધ કરી મુકશે. આ પરમ સુખને માણો.

વૃશ્ચિક(ન.ય.):- તમે કોઈ બાબતે ચુકાદો આપતા હો ત્યારે સામેની વ્યક્તિની લાગણીઓની ખાસ દરકાર લો. તમારા દ્વારા લેવામાં આવેલો કોઈ ખોટો નિર્ણય નમાત્ર તેમના પર અવળી અસર કરશે બલ્કે તમને પણ માનસિક તાણ આપશે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો તેમાં તમે આકર્ષણનું કેન્દ્ર હશો.

મકર(ખ.જ.):- માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

કુંભ(ગ.શ.સ.):- તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લ્ડ પ્રૅશરના દરદીઓ. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ. ઘરના બાકી રહેલા કામ આટાપવા માટે તમારા જીવનસાથી સાથે વ્યવસ્થા કરો.

મીન(દ.ચ.ઝ.):- જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની [redacted] ભ થવા ની શક્યતા છે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં [redacted]

### હાર્દિક પટેલે ટ્વીટર પર પોતાની પ્રોફાઈલનું નામ બદલીને આંદોલનજીવી કર્યું

# વડાપ્રધાન મોદીના નિવેદનને અટલજીનું અપમાન ગણાવ્યું



ગાંધીનગર, કોંગ્રેસ નેતા અને ગુજરાતમાં પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલે ટ્વીટર પર પોતાની પ્રોફાઈલનું નામ બદલીને આંદોલનજીવી હાર્દિક પટેલ કર્યું છે. વાસ્તવમાં રાજ્યસભામાં સોમવારે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપતા વડાપ્રધાન મોદીએ કૃષિ સુધારા પર યુ-ટર્ન લઈ રહેલા કોંગ્રેસના કાર્યકર્તાઓને આડેહાથ લીધા અને કહ્યું કે, છેલ્લા કેટલાક સમયથી આ દેશમાં આંદોલનજીવીઓની એક નવી જમાત પેદા થઈ છે. જે આંદોલન વિના જીવી નથી શકતી. જે બાદ વિપક્ષી પાર્ટીઓએ વડાપ્રધાન મોદીને ઘેરવાનું શરૂ કરી દીધુ.

ખેડૂત નેતાઓને પણ વડાપ્રધાનનું આ નિવેદન પસંદ નથી પડ્યું. કોંગ્રેસ નેતા હાર્દિક પટેલે પણ વડાપ્રધાન મોદીને ઘેરતા તેમના આંદોલનજીવી વાળા નિવેદનને પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીનું અપમાન ગણાવ્યું હતુ. હાર્દિકે ટ્વીટ કર્યું છે. આપણાં સૌના પ્રિય પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીજી આંદોલન સમયે સંસદ સુધી બળદગાડામાં જતા હતા. આજે મોદીજીએ તેમને પણ આંદોલનજીવી કહી દીધુ. અટલજીનું અપમાન, ભારત સહન નહીં કરે. બીજી તરફ કેન્દ્રના નવા કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા સંયુક્ત કિસાન મોર્ચાએ પણ વડાપ્રધાન મોદીના આંદોલનજીવી નિવેદન પર પોતાનો આક્રોશ ઠાલવતા કહ્યું કે, આ ખેડૂતોનું અપમાન છે. સંગઠન તરફથી તેમના નેતા દર્શનપાલે પોતાના નિવેદનમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી દ્વારા ખેડૂતોના અપમાનની તેઓ નિંદા કરે છે.

ભાજપ અને તેમના પૂર્વજો અંગ્રેજો વિરુદ્ધ આંદોલન નથી કર્યું અને તેઓ હંમેશા આંદોલન વિરુદ્ધ રહ્યાં. તેઓ આજે પણ આંદોલનના નામે ડરી રહ્યાં છે. સરકારના જિદ્દી વલણના કારણે વધારે આંદોલનજીવીઓ પેદા થઈ રહ્યાં છે. કૃષિ ક્ષેત્રમાં સુધારો લાવવા માટે સરકાર દ્વારા સપ્ટેમ્બરમાં ત્રણ કૃષિ કાયદા લાગૂ કરવામાં આવ્યા હતા. જ્યારે ૩ કૃષિ કાયદા પરત લેવાની અને સ્જીઁ પર કાયદો બનાવવાની માંગ સાથે પંજાબ અને હરિયાણાના ખેડૂતો છેલ્લા ૭૦થી વધુ દિવસોથી દિલ્હીની બોર્ડર પર પ્રદર્શન કરી રહ્યાં છે.

## પેટલાદ કોર્ટના સરકારી વકીલ ૩૫ હજારની લાંચ લેતાં ઝડપાયા

નડિયાદ, પેટલાદ ટાઉન પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૭માં નોંધાયેલા એટ્રોસિટીના કેસમાં પેટલાદ કોર્ટ દ્વારા ઈસમને નિર્દોષ છોડવામાં આવ્યા હતા. બાદમાં આ હુકમના વિરૂધ્ધમાં સરકાર પક્ષે હાઈકોર્ટમાં અપીલ ન કરવા અને અભિપ્રાય ન આપવા માટે પેટલાદ સેસન્સ કોર્ટના સરકારી વકીલ યજ્ઞેશ હરેશપ્રસાદ ઠાકરે ફરિયાદીનો સંપર્ક કર્યો હતો અને રૂ.૮૦ હજારની લાંચની માંગણી કરી હતી.જેમાં પહેલાં ૪૦ હજાર અને અપીલ ન કરવાનો હુકમ આવ્યા બાદ બાકીના રૂ. ૪૦ હજાર ચૂકવવાની ડીલ થઈ હતી.

જેમાંથી રૂ.૫ હજાર ત્રણેક દિવસ પહેલાં ફરિયાદીએ યજ્ઞેશ ઠાકરને ચૂકવી દીધા હતા. બાદમાં લાંચની રકમ આપવી ન હોવાથી ફરિયાદીએ એસીબીનો સંપર્ક કર્યો હતો. જેને પગલે ટીમે છટકું ગોઠવ્યું હતું અને લાંચની રકમ આપવા માટે યજ્ઞેશ ઠાકરનો સંપર્ક સાધ્યો હતો. સરકારી વકીલ યજ્ઞેશ ઠાકરે ફરિયાદીને લાંચના રૂ. ૩૫ હજાર લેવા માટે પેટલાદના સ્વામિનારાયણ મંદિર રોડ ઉપર આવેલા ક્રિશીવ કોમ્પલેક્ષ ખાતે બોલાવ્યા હતા.

જ્યાં ખેડા એસીબી પોલીસ ઈન્સપેક્ટર એમ.એફ.ચૌધરીએ પોતાની ટીમ સાથે લાંચની રકમ સ્વીકારતા સરકારી વકીલ યજ્ઞેશ ઠાકરને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. નડિયાદ એસીબીના ચોપડે સરકારી વકીલ લાંચ લેતાં પકડાયા હોય તેવો આ પ્રથમ કેસ હોવાની ચર્ચા છે. ટ્રેપ બાદ આ મામલાની તપાસ હવે આણંદ એસીબીને સોંપવામાં આવી છે.

# ગોધરા ભુરાવાવ ચોકડી મોબાઈલ કંપનીના કેબલ નાખવાની કામગીરીમાં પાણી લાઇન લીકેજ થતાં ચોમાસા જેવી સ્થિતિ

ગોધરા, ગોધરા શહેર ભુરાવાવ ચોકડી પાસે મોબાઈલ કંપની દ્વારા કેબલ નાખવા માટેની કામગીરી કરવામાં આવી રહી હતી દરમ્યાન પાલિકાની પાણીની લાઇનમાં લીકેજ થતાં ભરશિયાળે ચોમાસા જેવી સ્થિતિ જોવા મળી છે.

ગોધરાના ભુરાવાવ વિસ્તારમાં મોબાઈલ કંપની દ્વારા કેબલ નાખવાની કામગીરી કરવામાં આવી રહી છે. કેબલ નાખવાની કામગીરી દરમ્યાન નગરપાલિકાની પાણી સપ્લાયની પાઇપ લાઇનમાં ભંગાણ સર્જાર્યુ હતું જેને લઇ પાણીના ફુવારા ઉડ્યા હતા અને હજારો લીટર પાણી રોડ ઉપર રેલાના ભરશિયાળામાં ચોમાસા જેવી સ્થિતિ જોવા મળી હતી. પાલિકાની પાઇપ લાઇનમાં લીકેજ થતાં પાલિકા દ્વારા પાઇપ લાઇનનું લીકેજ બંધ કરવાની કમગીરી કરવામાં આવી રહી છે.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

# ૨૬ જાન્યુઆરી લાલ કિલ્લા કાંડનો આરોપી દીપ સિદ્ધુ પકડાયો



ન્યુ દિલ્હી, ૨૬મી જાન્યુઆરીએ દેશના ગણતંત્ર દિવસ પર રાજધાની દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન ઐતિહાસિક એવા લાલ કિલ્લા પર તિરંગાના બદલે એક ધાર્મિક ધ્વજ ફરકાવવાની ઘટનાના મુખ્ય આરોપી દીપ સિદ્ધૂની ધરપકડ કરવામાં આવી છે. દીપ સિદ્ધુ પર પોલીસે ૧ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું.

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે દીપ સિદ્ધુની ધરપકડ કરી હતી. દીપ સિદ્ધુ લાલ કિલ્લાની ઘટના બાદથી જ ફરાર હતો. જોકે આ દરમિયાન પણ તે નિયમિત પણે સોશિયલ મીડિયા પર સક્રિય રહેતો હતો. સિદ્ધુના આ વીડિયો અમેરિકામાંથી એક મહિલા પોસ્ટ કરતી હોવાની પણ દિલ્હી પોલીસે શક્યતા વ્યક્ત કરી હતી.

દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લાની ઘટનાના આશરે ૧૫ દિવસ ફરાર રહ્યાં બાદ દીપ સિદ્ધુ મંગળવારે વહેલી સવારે દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલના હાથે ચડ્યો. જોકે હજી સુધી તે સ્પષ્ટ નથી થઈ શક્યું કે દીપ સિદ્ધુની ધરપકડ ક્યાંથી કરવામાં આવી હતી.

ગણતંત્ર દિવસ પર દિલ્હીમાં યોજાયેલી ખેડૂતોની ટ્રેક્ટર રેલીમાં અચાનક હિંસા ભડકી ઉઠી હતી. ત્યાર બાદ દિલ્હીના રસ્તા પર ઉગ્ર બનેલા ખેડૂતોએ ભારે હોબાળો મચાવ્યો હતો. ખેડૂતોનું એક મોટુ જૂથ આ હિંસક ઘટનાઓનો વિરોધ કરી રહ્યું છે અને તેનો આરોપ કેટલાંક લોકો પર લગાવવામાં આવી રહ્યો છે. તેવામાં ખેડૂત નેતાઓએ દીપ સિદ્ધુ પર ખેડૂતોને ભડકાવવા અને હિંસા ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. ત્યાર બાદ દીપ સિદ્ધુએ ફેસબુક પર આવીને કહ્યું હતું કે, અમે પ્રદર્શનના પોતાના લોકતાંત્રિક અધિકાર અંતર્ગત નિશાન સાહિબનો ઝંડો લાલ કિલ્લા પર ફરકાવ્યો પરંતુ ભારતીય ધ્વજને હટાવવામાં નથી આવ્યો.

દીપ સિદ્ધૂનો જન્મ ૧૯૮૪માં પંજાબના મુકતસર જિલ્લામાં થયો હતો. તેણે આગળ લૉનો અભ્યાસ કર્યો હતો. કિંગફિશર મૉડેલ હંટ અવોર્ડ જીતવા પહેલા તે કેટલાક દિવસ બારનો સભ્ય પણ રહી છુક્યો છે. વર્ષ ૨૦૧૫માં દીપ સિદ્ધૂની પહેલી પંજાબી ફિલ્મ ‘રમતા જોગી’ રીલીઝ થઈ હતી. જો કે તેને પ્રસિદ્ધિ વર્ષ ૨૦૧૮માં આવેલી ફિલ્મ જોરા દાસ નુમ્બરિયાથી મળી હ અતી જેમાં તે ગેંગસ્ટરના રોલમાં નજરે પડ્યો હતો.

સિદ્ધુને ઝડપી પાડવા માટે દિલ્હી પોલીસની ટીમોએ પંજાબમાં અનેક ઠેકાણે કાર્યવાહી કરી રહી હતી. પરંતુ તે પોતાના ફેસબુક પેજ પર વીડિયો અપલોડ કરતો હતો જેમાં તે પંજાબીમાં વાત કરતા પોતાને નિર્દોષ ગણાવતો હતો. એક વીડિયોમાં તેણે કહ્યુ હતુ કે, મેં મારી આખી જીંદગી પાછળ છોડી દીધા બાદ પણ પંજાબીઓને તેમના વિરોધમાં સાથ આપવા માટે આવ્યો છું. કોઈ કંઈ જોયુ નથી પણ મને ગદાર ગણાવી દેવામાં આવ્યો છે.

દીપ સિદ્ધૂ અને તેના ભાઈ મનદીપને રાષ્ટ્રીય તપાસ એજન્સીએ પૂછપરછ માટે સમન્સ પાઠવ્યું હતુ. દીપ સિદ્ધુ ખેડૂત આંદોલન સાથે જોડાયેલો છે અને પ્રદર્શનકારી ખેડૂતોનું સમર્થન કરી રહ્યો છે. એનઆઈએના ઑફિસરે બંને ભાઈઓની શીખ ફૉર જસ્ટિસ નામના અલગાવવાદી સંગઠન વિરુદ્ધ દાખલ એક કેસ અંગે પૂછપરછ કરી હતી. ત્યારે દીપ સિંહ સિદ્ધૂએ કહ્યુ હતુ કે તેને શીખ ફૉર જસ્ટિસ નામના કોઈ સંગઠન સાથે કોઈ લેવા દેવા નથી. તેમણે કહ્યું કે એનઆઈએ દ્વારા સમન મોકલીને કેન્દ્ર ખેડૂતોનો સાથ આપી રહેલા લોકોને ધમકાવવા ઈચ્છે છે.

# દાહોદ જિલ્લામાં ચૂંટણીને કારણે ૧૭ પોલીસ મથકમાં ૪૫૦૦ અટકાયતી પગલા લીધા

દાહોદ,

દાહોદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચુટણીને લઈને પોલી સક્રિય છે.સરહદો પર પોલીસ બાજ નજર રાખી રહી છે ત્યારે ચૂંટણીમાં ગુનાખોરી ડામવા પરવાનેદારોના હથિયરો જમા કરાવવાની કામગીરી ચાલી રહી છે.ઉપરાંત ૧૭ પોલીસ મથકોમાં મળીને ૪૫૦૦ જેટલા અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. તેમજ ગુનાઈત કુંડળી ધરાવનારાઓ ને સાંણસામાં લેવામાં આવી રહ્યા છે. દાહોદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ રીતે થાય તેના માટે વહીવટી અને પોલીસ તંત્ર સંપૂર્ણ સજાગતાથી



કામગીરી કરી રહ્યુ છે.જિલ્લો રાજસ્થાન અને મધ્ય પ્રદેશની સરહદો પર આવેલો હોવાથી હાલમાં બંન્ને સરહદો પર પોલીસ બાજ નજર રાખી રહી છે તેમજ કોઈ પણ પ્રકારની ગુનાઈત ઘુસણખોરી ન થાય તેમજ દારુ કે નશીલા પદાર્થો તેમજ હથિયારો ઘુસાડવામાં ન આવે તેના માટે સક્રિયતા રાખવામાં આવી રહી છે.

આ પહેલા જ ગુજરાત અને રેન્જના ઉચ્ચ પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિમાં મધ્ય પ્રદેશના ઝાબુઆ અને અલીરાજપુર તેમજ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી.હાલમાં બંન્ને સરહદો પર ૨૪ કલાક ચેકપોસ્ટ શરુ કરી દેવામાં આવી હોવાનુ એસપી હિતેષ જોયસરે જણાવ્યુ છે.બીજી તરફ જિલ્લામાં જેટલા લોકો પરવાના સાથે હથિયાર ધરાવે છે તેમને હથિયાર જમા કરાવવાના આદેશ આપી દેવાયા હોવાથી હાલ સુધીમાં ૪૩૦૦ જેટલા હથિયારો જુદા જુદા પોલીસ મથકોમાં જમા કરાવી દેવામાં આવ્યા છે. જિલ્લામાં ૪૩૩ જેટલા બીનજામીનપાત્ર વોરન્ટની બજવણી કરી સંબંધીત આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે.

તેવી જ રીતે જિલ્લાના ૧૭ પોલીસ મથકોમાં ૪૫૦૦ જેટલા અટકાયતી પગલા લેવામાં આવ્યા છે.ભુતકાળની ચૂંટણીઓમાં જે વિસ્તારોમાં ચૂંટણી લક્ષી ગુના નોંધાયા હતા તે વિસ્તારોમાં પોલીસ દ્વારા આગોતરું આયોજન કરવા માટે અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.ચૂંટણીકાર્યક્રમ શરુ થતાં જ જુદા જુદા વિસ્તારોમાં ફુટ માર્ચ, કે ફ્લેગ માર્ચ કરવામાં આવશે.આમ જિલ્લા પોલીસ તેમજ આવનાર સમયમાં રાજ્ય સરકાર દ્વારા જે વધારાની ફોર્સ ફળવાશે તેના દ્વારા જિલ્લામાં ચૂંટણી દરમિયાન સંપૂર્ણ શાંતિ જાળવવા સમગ્ર પગલાં લેવામાં આવશે તેમ જિલ્લા પોલીસ વડાએ જણાવ્યુ છે.

# નવાગામ રાણાપુર વચ્ચેથી ગેરકાયદે લઈ જવાતા ખેરના લાકડાનો જથ્થો સીઝ કરાયો

દાહોદ,

દાહોદ પાસે નવાગામ રાણાપુર પાસે વન વિભાગ દ્વારા ઈમારતી લાકડાઓની ગેરકાયદે હેરાફેરી રોકવા વોચ ગોઠવવામાં આવી હતી.તે દરમિયાન મધ્ય પ્રદેશ તરફથી આવતા ટ્રેક્ટરમાં ગેરકાયદે લઈ જવાતા ખેરના ઈમારતી લાકડાનો જથ્થો ઝડપાઈ જતાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આગળની તપાસમાં શું બહાર આવે તેના પર આગળની કાર્યવાહીનો આધાર રહેલો છે. પાડોશી રાજ્ય મધ્ય પ્રદેશમાંથી વિદેશી દારૂ તો ઘુસાડવામાં આવે છે ત્યારે ઈમારતી લાકડાની તસ્કરી પણ કરવામાં આવી રહી છે.જો કે આ બાબત એટલી પ્રચલિત નથી તે પણ એટલું જ સત્ય છે.

કારણ કે માત્ર પોલીસ કે મહેસુલી વિભાગમાં જ ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે તેવુ નથી પરંતુ અન્ય સરકારી વિભાગોમાં પણ ભ્રષ્ટાચાર એટલો જ વ્યાપ્ત છે. વન વિભાગમાં પણ નાંણાકીય ગેરરિતીની ફરિયાદો ઉઠતી રહે છે ત્યારે જંગલમાં વૃક્ષો કાપીને લઈ જવા તેમજ ઈમારતી તેમજ કિંમતી લાકડાની તસ્કરી કરનારો એક ગુનેગાર વર્ગ આજે પણ હયાત



છે.તેવી જ રીતે ખેર જેવા ઈમારતી લાકડાનની ગેરકાયદે હેરાફેરી મધ્યપ્રદેશમાંથી કરવામાં આવે છે. જેથી દાહોદ રેન્જના વન વિભાગ દ્વારા સરહદી વિસ્તારોમાં અવાર નવાર વોચ ગોઠવવમાં આવે છે.

રવિવારે પણ આવી જ એક વોચ દરમિયાન મધ્ય પ્રદેશ તરફથી આવતા એક ટ્રેક્ટરને નવાગામ રાણાપુર વચ્ચે રોકીને તપાસ કરવામાં આવી હતી.વન કર્મીઓએ તપાસ કરતાં ટ્રેક્ટરમાં ખેરના લાકડા હોવાનુ જણાતા ટ્રેક્ટર ચાલક પાસે જરુરી પાસની માંગણી કરતા કોઈ પણ પ્રકારની પાસ પરમીટ ન હોવાનુ જણાઈ આવ્યુ હતુ. જેથી ખેરના લાકડાના છોલેલા ૧૨૭ નંગનો જથ્થો સીઝ કરી રાબડાળના ગાસ ગોડાઉનમાં રાખી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.હવે તપાસમાં આ લાકડા ક્યાંથી લાવીને ક્યાં લિ જવાતા હતા અને તેનુ વહન ગેરકાયદે છે કે કાયદેસર તે ચકાસીને કાયદેસરની કાર્.વાહી કરવામાં આવશે તેમ આરએફઓ પરમારે જણાવ્યુ છે.

# દાહોદ જીલ્લા અને શહેરમાં BSNL નું નેટવર્ક સંપૂર્ણ બંધ થતાં ગ્રાહકો પરેશાન

દાહોદ,

દાહોદ શહેરમાં રવિવાર મધરાતથી બીએસએનએલનુ નેટવર્ક સંપૂર્ણ બંધ થઈ જતાં તેના ગ્રાહકો પરેશાન થઈ ગયા છે. શહેરમાં ચાલતા ખોદકામને લીધે કેબલ કપાઈ જતાં લેન્ડ લાઈન અને મોબાઈલ બંધ થઈ જતાં સંચાર વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. કલાકોના સમારકામ બાદ સાંજે નેટવર્ક યથાવત થયુ હોવાનુ જાણવા મળ્યુ છે. બીએએનએલના અદિકારીઓના ફોન પણ બંધ થઈ ગયા છે.

દાહોદ શહેર તથા જિલ્લામાં બીએસએનએલના ધાંધિયા કોઈ નવી વાત નથી. શહેર તથા જિલ્લામાં છાસવારે ખોટકાતાં નેટવર્કને કારણે બીએસએનએલના ગ્રાહકો વારંવાર અટવાઈ પડે છે તેમ છતાં તેનુ કોઈ કાયમી નિરાકરણ કરવામાં આવતુ નથી. દાહોદ શહેરમાં સ્માર્ટ સીટી અંતર્ગત જે કામો ચાલી રહ્યા છે. તેમાં શહેરમાં ખોદકામ પણ ચાલી રહ્યા છે.આવા જ ખોદકામને કારણે કોઈ જગ્યાએ બીએસએનએલનો કેબલ કપાઈ જવાને કારણે રવિવાર મધરાત થી નેટવર્ક બંધ થઈ ગયું છે. જેથી મોબાઈલ અથવા લેન્ડ લાઈન ફોન પણ ઠપ થઈ જતાં સંચાર વ્યવસ્થા સંપૂર્ણ ખોરવાઈ ગઈ છે. વેપારીઓ તેમજ વિવિધ પ્રકારાના રોજગાર સાથે સંકળાયેલા કારોબારીઓ અટવાઈ પડ્યાં છે. ખાસ કરીને વેપારી વર્ગ, વ્યવસાયી વર્ગોને આ બીએસએનલના ધાંધિયાના પગલે ભારે હેરાન પરેશાન થવાનો વારો આવ્યો છે. બ્રોડ બેન્ડ ઈન્ટરનેટની સેવાઓ બંધ થઈ જતાં શહેરવાસીઓના મોટા ભાગના ધંધાદારીઓ લોકોના વ્યવહારો સહિત કામકાજ પણ ખોરવાયા છે. બીએસએનલની આ ભારે અસુવિધાને પગલે પ્રજા માનસમાં એક પ્રકારનો રોષ પણ જોવા મળી રહ્યો છે ત્યારે વહેલામાં વહેલી તકે આ બીએસએનલની નેટવર્કના ધાંધિયાને રાબેતા મુજબ અને સુવ્યવસ્થિત નિયમીત રીતે ચાલુ કરવામાં આવે તેવી પ્રજાજનોમાં લાગણી અને માંગણી પણ ઉઠવા પામી છે.

ચૂંટણીની મૌસમ પૂરબહારમાં ખીલી છે. ત્યારે નેતાઓ અને કાર્યકરોના ફોન વ્યવહાર બંધ થઈ જતાં ઘણાંને શિયાલાના વાતાવરણમાં પરસેવો થવા માંડ્યા હતો.થોડી થોડી વાર માટે નેટવર્કનું આવન જાવન થતુ રહેતુ હોવાથી ભારે પરેશાની વેઠવી પડી હતી. સૌથી મોટી સમસ્યા ઓન લાઈન શિક્ષણ મેળવતાં બાળકો માટે સર્જાઈ હતી. કારણ કે ૯ થી ૧૨ની શાળાઓ તો રાબેતા મુજબ શુ થઈ ચુકી છે. ત્યારે હવે ધોરણ ૧ થી ૮ ના ભુલકાં જ ઈન્ટરનેટના સહારે શિક્ષણ મેળવી રહ્યા છે. જેથી બીએસએનએલનુ નેટવર્ક બંધ થઈ જતાં આવા બાળકો નું શિક્ષણ પણ ખોરવાઈ ગયુ હતુ.સોમવારે સાંજે નેટવર્ક યથાવત થતાં ગ્રાહકોને રાહત થઈ હતી.

# દાહોદ જીલ્લામાં પોલીસે ત્રણ પ્રોહિબીશન કેસમાં ૧.૭૫ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં વિતેલા ચોવીસ કલાકની અંદર પ્રોહીના બનેલા ત્રણ બનાવોમાં પોલીસે કુલ રૂા.૧.૭૫,૦૦૦ના પ્રોહી જથ્થા સાથે ત્રણ વાહનો કબજે લીધા હતા. જેમાં આ ત્રણ બનાવોમાં એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો છે. જ્યારે બે જણા પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાનું જાણવા મળી રહ્યું છે.

પ્રોહીનો પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલનાકા પાસે ગત તા.૦૮મી ફેબ્રુઆરીના રોજ બનવા પામ્યો હતો. જેમાં મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લામાં ભાભરા તાલુકામાં ચોકિદાર ફળિયામાં રહેતો દિલો દિતલિયા ભુરીયા પોતાના કબજાની ક્વોલીસ ફોર વ્હીલર ગાડી લઈ આ જગ્યાએથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે પોલીસને તેની ઉપર શંકા જતાં ગાડી ઉભી રખાવી તલાસી લેતાં લેતાં ગાડીમાંથી વિદેશી દારૂની બોટલો નંગ.૧૨૦ કિંમત રૂા.૫૧,૬૦૦ ના પ્રોહી જથ્થા સાથે મોબાઈલ ફોન અને ગાડીની કિંમત મળી કુલ રૂા.૧,૨૨,૬૦૦નો મુદ્દામાલ કબજે લઈ ઉપરોક્ત ઝડપી પાડવામાં આવેલ ઈસમને જેલના સળીયા પાછળ દેવગઢ બારીઆ પોલીસે ધકેલી દઈ તેની વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના નાની મંગોઈ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૮મી ફેબ્રુઆરીના રોજ એક મોટરસાઈકલનો ચાલક પોતાના કબજાની મોટરસાઈકલ પર વિદેશી દારૂનો જથ્થો લઈ આ સ્થળ પરથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે નાની મંગોઈ ગામે નાકાબંધીમાં ઉભેલ પોલીસને જોઈ આ મોટરસાઈકલનો ચાલક સ્થળ પરજ મોટરસાઈકલ મુકી નાશી જતાં પોલીસે મોટરસાઈકલ પાસેથી થેલામાં ભરી રાખેલ વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૧૬૦ કિંમત રૂા.૭૬,૦૦૦ તેમજ મોટરસાઈકલની કિંમત મળી કુલ રૂા.૧,૦૧૦૦૦ નો મુદ્દામાલ કબજે લઈ ફરાર મોટરસાઈકલના ચાલક વિરૂધ્ધ સાગટાળા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો ત્રીજો બનાવ પણ દેવગઢ બારીઆ તાલુકાના નાની મંગોઈ ગામે આજ દિવસે બનવા પામ્યો હતો. જેમાં પણ એક મોટરસાઈકલનો ચાલક પોતાના કબજાની મોટરસાઈકલ પર વિદેશી દારૂનો જથ્થો લઈ પસાર થતી વેળાએ નાકાબંધીમાં ઉભેલ પોલીસને જોઈ સ્થળ પરજ મોટરસાઈકલ મુકી નાશી જતાં પોલીસે આ મોટરસાઈકલ પાસેથી પણ થેલામાં ભરી રાખેલ વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૪૦૦ કિંમત રૂા.૪૭,૪૦૦ ના પ્રોહી જથ્થા સાથે મોટરસાઈકલ મળી કુલ રૂા.૭૨,૪૦૦નો મુદ્દામાલ સાગટાળા પોલીસે કબજે લઈ ફરાર ચાલક વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લાના સંજેલી અને દે.બારીઆ બે સગીરાનું લગ્નના ઈરાદે અપહરણ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ અને સંજેલી તાલુકામાં બે જુદી જુદી જગ્યાએથી પત્નિ તરીકે રાખવાના ઈરાદે બે સગીરાઓનું યુવકો દ્વારા પોતાના મિત્રો તેમજ પરિવારજનોની મદદથી અપહરણ કરી લઈ નાસી જતાં જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

સગીરાના અપહરણનો પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે બનવા પામ્યો હતો. જેમાં દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને ગત તા.૦૮મી જુનના રોજ દેવગઢ બારીઆ તાલુકાના ગુણા મુવાડી ગામે રહેતો રાજેન્દ્રભાઈ સુરેન્દ્રભાઈ ચૌહાણે સગીરાને પોતાની પ્રેમ જાળમાં ફસાવી, લગ્ન કરવાની લાલચ આપી, પટાવી ફોસલાવી પીપલોદ ગામેથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સગીરાના અપહરણનો બીજો બનાવ સંજેલી તાલુકાના ચંદાણાના મુવાડા ગામે ગત તા.૨૩મી સપ્ટેમ્બરના રોજ બનવા પામ્યો હતો. જેમાં સંજેલી તાલુકાના માંડલી ગામે નિસરતા ફળિયામાં રહેતો કનુભાઈ રમેશભાઈ નિસરતાએ સંજેલી તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પોતાની પત્નિ તરીકે રાખવા સારૂ તેણીને પટાવી ફોસલાવી લગ્નની લાલચ આપી પોતાના મિત્ર તથા પરિવારજનો ગોરધનભાઈ ફતાભાઈ નિસરતા, શંકરભાઈ ફતાભાઈ નિસરતા, હરીશચંદ્ર ગોરધનભાઈ નિસરતા અને કીરીટભાઈ ગોરધનભાઈ નિસરતાની મદદ લઈ સગીરાનું અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દે.બારીઆમાં પ્રદુષિત પાણી ક્યારે બંધ થશે ? જ્યારે નવિન પાઈપ લાઈન નખાશે ત્યારે જ ???

દે.બારીઆ,

દે.બારીઆ નગર પાલિકાના હસ્તક શહેરનું પીવાનું પાણીનું સપ્લાય થાય છે. શહેરના કસ્બા હોળી ચકલા થી જાની ફળીયા, પારેખ શેરી તથા કસ્બા હુસૈની ચોક સુધીની પીવાની પાઈપ લાઈન આઠ થી દશ વર્ષ અગાઉ નાખવામાં આવી હતી. જેથી પીવાની પાઈપોમાં કાદવ કીચડ તેમજ ગટરનું પ્રદુષિત પાણી ભળીને આવતું હોવાની અવારનવાર ફરીયાદો થાય છે. પરંતુ નગર પાલિકાના સત્તાધીશો તેમજ નગર પાલિકાના ખાઈ બદેલા કર્મીઓ આ ગંભીર ફરિયાદને છેલ્લા ત્રણ વર્ષથી ધ્યાને લેતાં જ નથી. રોગચાળો ફાટશે ત્યારે સફાળા જાગશે ? ખરાં તે યક્ષ પ્રશ્ન છે. પ્રાપ્ત માહિતી અનુસાર કસ્બાના તાડ ફળીયામાં હાલમાં નવિન પાઈપ પીવીસીની બીછાવવામાં આવી હતી. તેનું જોઈન્ટ આપવા માટે નગર પાલિકાના પાણી પુરવઠા વિભાગના કર્મીઓ દ્વારા તાડ ફળીયાના કે ઉપરના નવિન પાઈપ લાઈનમાં જોઈન્ટ આપવાનું ખોદકાર્ય શરૂ કરતા જ્યાં જોઈન્ટ આપવા માટેની પાઈપ લઈન માંથી કાદવ કીચડ પ્રદુષિત પાણી જણાતા જોઈન્ટ આપવાનું કાર્ય બંધ કરી દેવામાં આવ્યું છે. આ જોઈન્ટ હોળી ચકલાની લાઈનમાં પાસે ત્યાં પણ કાદવવાળું પ્રદુષિત પાણી આવતું હોવાની જનતાની ફરિયાદ છે. જેથી આખા વિસ્તારની નવિન પાઈપ લાઈન બદલવામાં આવે ત્યારે પ્રદુષિત પાણીની સમસ્યા જે વર્ષોની છે. તેનું નિરાકરણ આવે તેમ છે.

# મહિસાગર LCB પોલીસે ઝાલોદ થી કારમાં લઈ જવાતો દારૂ ઝડપી પાડયો

લુણાવાડા,

મહિસાગર એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, ઝાલોદ તરફ થી કારમાં દારૂનો જથ્થો લવાઈ રહ્યો છે. તેવી બાતમીના આધારે ગોઠીબ પાસે વોચ ગોઠવી હતી. કારને રોકવાનો પ્રયાસ કરતાં કાર ચાલક ગાડી ભગાડી હતી અને રસ્તા ઉપર ગાડી છોડી ફરાર થઈ ગયો પોલીસે કાર માંથી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મહિસાગર એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, ઝાલોદ તરફ થી કારમાં દારૂનો જથ્થો લવાઈ રહ્યો છે. તેવી બાતમીના આધારે ગોઠીબ પાસે નાકાબંધી કરી હતી.પોલીસ કારને રોકવાનો ઈશારો કરતાં કાર ચાલકે ઉભી નહી રાખી ભગાડી મૂકી હતી. પોલીસે કારનો પીછો કરતાં કાર ચાલકે આગળ જઈ કાર રસ્તા ઉપર છોડી નાશી છુટીયો હતો. પોલીસે કારમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો કબ્જે લીધો. આ બાબતે મહિસાગર લુણાવાડા પોલીસ મથકે પ્રોહિબીશન એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# ST બસમાં લગેજની ટીકીટ લઈ દારૂ લઈ જવાનો ચોંકાવનારો કિસ્સો બોડેલીમાં સામે આવ્યો

છોટા ઉદેપુર,

અત્યારસુધી તમે દારૂ ટેક્રરમાં છુપાવીને, ટ્રેક્ટરની ટ્રોલીની નીચે છુપાવીને કે શરીરે બાંધીને તેના ઉપર કપડાં પહેરીને લઈ જવાના કિસ્સા સાંભળ્યા હશે, પરંતુ એસ.ટી બસમાં લગેજની ટીકીટ લઈને દારૂ લઈ જવાનો ચોંકાવનારો કિસ્સો છોટા ઉદેપુરના બોડેલીમાં સામે આવ્યો છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે ગુજરાતમાં દારૂ બંધી છે. તેમ છતાં દરરોજ દારૂ ઝડપાઈ રહ્યો છે. છોટા ઉદેપુર જીલ્લો સરહદી જીલ્લો છે અને બાજુના મધ્ય પ્રદેશ રાજયમાથી દારૂ ઘુસાડવા માટે નીતનવા કિમીયા અજમાવાય છે. અત્યાર સુધી તમે દારૂ



લઈ જવા માટે જાતજાતના કિસ્સા સાંભળ્યા હશે, પણ એસ,ટી, બસમાં ટિકિટ લઈને દારૂ લઈ જવાની વાત સાંભળી છે? હા આવો જ કિસ્સો છોટા ઉદેપુરના બોડેલીમાં સામે આવ્યો છે.


છોટા ઉદેપુરથી અમદાવાદ જતી એસ.ટી.બસમાં લગામી ગામનો વિનેશ દલસુખ રાઠવા પોતે આણંદમાં કડીયાકામ કરતો હોવાથી ત્યાં જવા માટે સામાન લઈને નીકળ્યો હતો. અને સાથે એક થેલામાં વિદેશી દારૂની ૯૩ નંગ બોટલ પણ લીધી હતી. એસ.ટી.બસમાં બેસીને તેને લગેજની ટીકીટ પણ લીધી હતી. પરંતુ બસ ઉપડીને બોડેલી આવી ત્યારે ડ્રાઈવર કેએમ કંડક્ટરે ડીકી ખોલતા તેને આ પોટલાં ઉપર શંકા જતાં તેને તપાસ કરી, જેમાં વિદેશી દારૂ જણાઈ આવતા તેને ડેપોમાં અધિકારીને જાણ કરીને પોલીસને જાણ કરી હતી.

બોડેલી પોલીસે આવીને પોટલું ખોલીને જોતાં તેમાથી દારૂની ૯૩ નંગ બોટલ મળી આવી. પોલીસે વિનેશ રાઠવાને પકડીને પોલીસ મથકે લઈ જઈને પૂછપરછ કર્તા તેને આ કૃત્ય બીજી વખત કર્યું હોવાનું જણાવ્યું હતું. અગાઉ પણ તેઓ પોતાના માટે દારૂ પીવા માટે આણંદ ખાતે લઈ ગયા હોવાની કબૂલાત કરી હતી.

# ધોરણ ૧૦ બોર્ડની પ્રાયોગિક પરીક્ષા ૧૦ એપ્રિલથી શરૂ થશે

ગાંધીનગર,

રાજયમાં ધોરણ ૧૦ બોર્ડની મુખ્ય પરીક્ષા પહેલા પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા ૧૦ એપ્રિલથી શરૂ કરવા બોર્ડ દ્વારા ચૂચના આપવામાં આવી છે. જ્યારે મરજીયાત વિષયની પરીક્ષા શાળા ખાતે લેવાશે. મરજિયાત વિષયની પરીક્ષા ૧૫થી ૧૭ એપ્રિલના રોજ લેવાશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ બોર્ડની વેબસાઈટ પર વિદ્યાર્થીઓની પરીક્ષાના ગુણ મુકવામાં આવશે. નોંધનીય છે કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની તારીખો જાહેર કરી દેવાઈ છે. ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ૧૦ મેથી તારીખ ૨૫ મે દરમ્યાન લેવામાં આવશે. ધોરણ ૧૨ સંસ્કૃત માધ્યમ અને ધોરણ ૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષા ૧૭ મેથી શરૂ થશે. ધોરણ ૧૨ સામાન્ય



પ્રવાહ, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ ૧૦ની પરીક્ષા ૧૦ મેથી શરૂ થશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦ની પરીક્ષા માટેના ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. બોર્ડની પરીક્ષાને લઈને છેલ્લા કેટલાય સમયથી ચાલતા અસમંજસ વચ્ચે બોર્ડ દ્વારા ધો-૧૨ સાયન્સના ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરાયા બાદ હવે ધો-૧૦ના ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરી છે. સ્કૂલો ધો-૧૦ના વિદ્યાર્થીઓના ઓનલાઈન ફોર્મ ૫ માર્ચ સુધી રેગ્યુલર ફી સાથે ભરી શકશે. હવે માત્ર ધો-૧૨ સામાન્ય પ્રવાહની ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી બાકી હોઈ સંભવત ૧૫ ફેબ્રુઆરી નજીક તેની કામગીરી પણ શરૂ કરી દેવાશે. રાજયમાં કોરોનાના કહેર વચ્ચે માર્ચ-૨૦૨૦થી સ્કૂલો બંધ કરી ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું.

તે વખતે બોર્ડની પરીક્ષા ચાલતી હોઈ પુરતી તકેદારી સાથે બોર્ડની પરીક્ષા પુર્ણ કરવામાં આવી હતી. જોકે, ત્યાર બાદ સ્કૂલોમાં માત્ર ઓનલાઈન જ શિક્ષણ ચાલતુ હોઈ બોર્ડની પરીક્ષાને લઈને અનેક પ્રશ્નો ઉભા થયા હતા. રાજયમાં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લેવાશે અને તે મે માસમાં લેવાનું આયોજન કરાયું હોવાની શિક્ષણ મંત્રીએ જાહેરાત કર્યા બાદ વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા હતા. બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરતા પહેલા પરીક્ષા માટે જરૂરી સ્કૂલોના રજિસ્ટ્રેશન અને શિક્ષકોના રજિસ્ટ્રેશનની કામગીરી શરૂ કરી હતી. આમ, શાળા અને શિક્ષકોના રજિસ્ટ્રેશનની કામગીરી બાદ બોર્ડ દ્વારા સૌપ્રથમ ધો-૧૨ સાયન્સની પરીક્ષા માટેના ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ કામગીરી હજુ ૨૦ ફેબ્રુઆરી સુધી ચાલશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 143

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૦૮ના આશરે

# ૧૫૦૦ જેટલા મતદારોના નામ અન્ય વોર્ડમાં દાખલ કરાતા ઉહાપોહ

**- માજી સભ્ય દ્વારા વિરોધ નોંધાવીને પૂનઃ મૂળ વોર્ડમાં નામ દાખલ કરવાની માંગ.**
**- વોર્ડ નં.૦૬ અને ૦૭માંથી નામ કમી કરવાની કલેક્ટરને રજુઆત.**

ગોધરા,
ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૮ માં રહેતા અને અગાઉ આજ વોર્ડમાંથી મતદાર તરીકે મતદાન કરતાં એવા આશરે ૧૫૦૦ ઉપરાંતનાં મતદારોનાં નામ અજાણયા કારણોરાર વોર્ડ નં.૬,૭ માં દાખલ કરવામા આવતા ઉહાપોહ મચ્યો છે. અન્ય વોર્ડમાં મતદારોનો કોઈ હકક ન હોવા છતાં તેઓને ગેરકાયદેસર રીતે નામ દાખલ કરવામાં આવતાં સ્થાનિક માજી સભ્યો એ કલેકટરને આવેદનપત્ર આપી મતદારોનાં નામ ફરી વોર્ડ નં .૮ માં દાખલ કરવાની માંગ કરાઈ છે.


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા નગર પાલિકાના વોર્ડ નં .૮ ના માજી સભ્ય એવા મોહમંદ હનિફ કલંદરે કલેકટરને કરેલી રજુઆતમાં આક્ષેપ સાથે જણાવ્યું હતું કે, હાલમાં વોર્ડ નં.૮ માં આવેલ હયાતની વાડી, સાતપુડા, હઠીલા હોટ , આશીયાના સોસાયટી, સુફી મસ્જીદ વાળ વિરતાર તથા વચલા ઓઢાનાં વિસ્તારનાં અનેક મતદારો કે જે ખરેખર વોર્ડ નં .૮ નાં વિસ્તારનાં મતદારો છે અને વોર્ડ નં .૮ નાં કાયમી રહીશ છે તેવા આશરે ૧૫૦૦ ઉપરાંતનાં મતદારોનાં નામ અજાણયા કારણોસર વોર્ડ નં. ૬ તથા ૭ માં દાખલ કરી દેવામાં આવેલા છે. જયારે કે આ મતદારો વોર્ડ નં.૮ નાં વિસ્તારના રહીશ છે અને તેઓને વોર્ડ નં. ૬ તથા ૭ સાથે નીસબત નથી.

જયારે વોર્ડ નં.૮ માં મતદારોએ પાછલી ચૂંટણીમાં વોર્ડ નં.૮ માં મતદાન કરેલું છે અને કોઈ નવુ સિમાંકન અમલમાં આવેલ નથી તેમ છતા આ વોર્ડ નં .૮ નાં મતદારોનાં નામ ગેરરકાયદેસર રીતે વોર્ડ નં .૬, ૭ માં દાખલ કરી દેવામાં આવેલા છે . એવુ દેખાઈ રહ્યું છે કે અમુક ઉમેદવારોને લાભ કરવાના બદઆશયથી આ મતદારોના નામ જાણીબુજીને ગેરકાયદેરાર રીતે વોર્ડ નં .૬ અને ૭ માં દાખલ કરી દેવામાં આવ્યા છે . આ મતદારો વોર્ડ નં .૮ નાં રહીશ છે અને વોર્ડ નં .૮ સાથે તેઓનુ હિત સંકળાયેલું છે. જેથી તે જરૂરી બને છે કે તેઓ પોતાના વિસ્તારમાં અને પોતાના વિસ્તાર માટે મતદાન કરી શકે પરંતુ ગેરકાયદેસર રીતે અન્ય વોર્ડમાં નામ ગેરકાયદેસર રીતે દાખલ કરી દેવાથી તેઓના બંધારણીય હકક છીનવવાની સાથે અન્યાય કરાયો છે. કારણ કે વોર્ડ ને , ૬,૭ નાં ઉમેદવારોને મત આપવાથી તેઓના વિરતારને કોઈ લાભ મળી રહે તેમ નથી. જેથી એ જરૂરી છે કે જે વ્યકિતઓ જે વિરતારમાં રહેતા હોય તે વિરતારમાં અને અગાઉ જે તે મુજબ કોઈ પણ પ્રકારનાં સીમાંકન થયા સિવાય વોર્ડ તે વિસ્તારમાં મતદાન કરે આ અન્ય વોર્ડમાં દાખલ કરવામાં આવતાં ગેરબંધારણીય છે. અમુક ઉમેદવારોને લાભ કરાવવા માટે આવા પ્રકારની ગેરરીતી આચરવામાં આવેલી હોય તેવું સ્પષ્ટદેખાય રહેલ છે . જેથી તાલની અરજી રાદર હકીક્તે આપ સાહેબનાં ધ્યાન ઉપર લાવવા તથા વોર્ડ નં .૮ નાં જે મતદારોનાં નામ ગેરકાયદેસર રીતે વોર્ડ નં .૬,૭ માં દાખલ કરવામા આવેલા છે તેઓના નામ ફરી વોર્ડ નં .૮ માં દાખલ કરવાની જરૂર ઉભી થઈ છે. આ સાથે રજુ યાદીમાં દર્શાવેલ વોર્ડ નં .૮ નાં મતદારોનાં નામ કે જે વોર્ડ નં .૬ અને ૭ માં ગેર કાયદેસર રીતે દાખલ કરી દેવામા આવેલ છે તેઓના નામ ફરીવાર વોર્ડ નં .૮ માં દાખલ કરવા માંગ કરાઈ છે. જો તપાસ કરવામાં આવે તો જે કોઈ વોર્ડ નં .૮ નાં મતદારોનાં નામ વોર્ડ નં .૬, ૭ માં ગેરકાયદેસર રીતે દાખલ કરી દીધેલ હોય તો તેઓના નામ પણ ફરીવાર વોર્ડ નં .૮ માં દાખલ કરવામાં આવે તથા આવું ગેરકાયદેસરનું કૃત્ય કરનાર વ્યકિતઓ સામે કાયદેસરનાં પગલા ભરવાની માંગ કરાઈ છે.

# ગોધરા નગર પાલિકાની ચુંટણી માટે આપ પાર્ટીની એન્ટ્રી : કુલ ૪૫ ફોર્મ ઉપડયા

**- મંગળવારના રોજ ૦૭ ફોર્મ ભરાવાની સાથે કુલ ૦૮ ફોર્મ ભરાયા.**
**- બે દિવસમાં ૧૬૮ જેટલા ફોર્મનો ઉપાડ.**

ગોધરા,
સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં મુખ્ય પક્ષો એ પોતાના ઉમેદવારો જાહેર નહીં કરતા સસ્પેન્સ સર્જાયું છે. તો બીજી તરફ ગોધરા નગર પાલિકામાં આપ પાર્ટી એ ૩ ફોર્મ ભરવાની સાથે અપક્ષો મળીને ૭ ફોર્મ ભરાયા હતા. આમ, અત્યાર સુધી કુલ ૮ ફોર્મ ભરાયા હતા. અને આજે ૪૫ સાથે કુલ ૧૬૮ જેટલા ફોર્મનો ઉપાડ થયો હતો. આગામી દિવસમાં ફોર્મનો ઉપાડ ઉપડવાની સાથે દાવેદારો ભૂર્ગભ માંથી બહાર આવીને દાવેદારી નોંધાવનાર છે.

પંચમહાલ જીલ્લાની જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા નગર પાલિકાની ગત સોમવારથી ચુંટણીના ઢોલ ઢબુકીયા છે. જેના પગલે રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. ભાજપ અને કોંગ્રેસ જેવા મહત્વના પક્ષો એ રણનીતિ બનાવીને ખાનગી રાહે ઉમેદવારોની પસંદગી માટે રાત-દિવસ એક કરી રહ્યા છે. અને દાવેદારો વચ્ચે એક ચહેરાની પસંદગી પક્ષો માટે માથાનો દુઃખાવો બન્યો છે. એક કરતા વધુ દાવેદારી હોવાને લઈને પણ સંગઠન મુંઝવણમાં મુકાયું છે. એક કરતા વધુ ઉમેદવારી હોવાને લઈને આખરી પસંદગી કરવા માટે સંગઠન દ્વારા કવાયત હાથ ધરાઈ છે. પરંતુ અનેક માપદંડોમાં ફીટ ન થતાં છેવટે મુદ્દત લંબાવવાનો વારો આવ્યો છે. હાલમાં બન્ને પક્ષો દ્વારા ફૂંકી ફૂંકીને ઉમેદવારોની પસંદગી કરવાનું નક્કી કરવામાં આવતાં જાહેરાત ટળી છે. અને ઉમેદવારોના નામ અંગે રહસ્ય સર્જાયું હોવાને લઈને સ્થાનિક મતદારો પણ અનેક નામોની ચર્ચા કરી રહ્યા છે. પરંતુ આવા રહસ્યમય માહોલમાં અપક્ષો એ છેલ્લા કેટલાક દિવસોથી ભાજપ અને કોગ્રેસ માંથી ટીકીટ મેળવવા માટેના પ્રયત્નો હાથ ધર્યા હતા. પોતાના ગોડફાધર મારફતે તથા અનેક રીતે ટીકીટની માંગણી કરવા છતાં બન્ને પક્ષો દ્વારા કોઈપણ હકારાત્મક જવાબ નહીં અપાતા છેવટે ભૂર્ગભ માંથી બહાર આવીને દાવેદારી નોંધાવી હતી. ખાસ કરીને ગોધરા નગર પાલિકાની ચુંટણીમાં આપ પાર્ટીના ઉમેદવારો એ એકાએક એન્ટ્રી લઈને ભાજપ અને કોંગ્રેસને અચંબામાં મૂકી દીધા હતા. જેમાં વોર્ડ નં.૧૧ આપ પાર્ટીમાંથી જયકિશન ચુનીલાલ, વોર્ડ નં.૦૧ આપ પાર્ટીમાંથી ઉમેશ બારીઆ, વોર્ડ નં.૦૩માં આપ પાર્ટીમાંથી ઉમંગ ચૌહાણનો સમાવેશ થાય છે. આ સાથે અન્ય અપક્ષ ઉમેદવારોમાં વોર્ડ નં.૧૧ માંથી ચિરાગ દયાલદાસ રાજાઈ, વોર્ડ નં.૦૬ કલા સાજીદ, વોર્ડ નં.૦૭ અશરફ ચાંદા, વોર્ડ નં.૦૯ ઈલ્યાસ દરગાઈ મળીને ૦૭ જેટલા ઉમેદવારો એ ફોર્મ ભર્યા હતા. તો બીજી તરફ બીજા દિવસે ૪૫ જેટલા ઉમેદવારો એ ફોર્મ લઈ ગયા હતા. આમ, બે દિવસમાં કુલ ૧૬૮ જેટલા ફોર્મનો ઉપાડ થયો હતો. આગામી બે-ત્રણ દિવસમાં ધીરેધીરે ઉમેદવારોની કતાર લાગીને ફોર્મ ભરવા માટે બહાર આવનાર છે. ભાજપ અને કોંગ્રેસ માટે ઉમેદવારની પસંદગી માથાનો દુઃખાવો બન્યો છે. જીલ્લાકક્ષા એ પક્ષો માટે પસંદગી કરવી મૂંઝવણરૂપ હોવાથી શોર્ટ લીસ્ટ કરાયેલા ઉમેદવારોના નામોને પ્રદેશમાં મોકલવામાં આવ્યા છે. અને રાઉન્ડ ટુ ધ ટેબલ મુજબ બેઠક આયોજીત થઈને જીતી શકે તેવા ઉમેદવારોની પસંદગી થનાર છે. પરંતુ પક્ષો દ્વારા ચુંટણીમાં જોખમ લેવાનું ટાળતા આગામી શુક્રવાર અને શનિવારના રોજ મેન્ડેડ ફાળવીને નામોની જાહેરાત કરવામાં આવનાર છે. ખાસ કરીને ૦૩-૦૩ ટર્મ સુધી સળંગ જીતનાર અને ૬૦ વર્ષની વય મર્યાદા પૂર્ણ થતા ભાજપાના ઉમેદવારો કપાય તેવી દહેશત સાથે યુવા ચહેરાઓએ ટીકીટની માંગણી કરવામાં આવી છે. ત્યારે ભાજપ દ્વારા આ નિયમનું કેટલાા અંશે પાલન કરે છે. તે અગત્યનું બન્યું છે.

**ગોધરા નગર પાલિકા માટે મંગળવારે ફોર્મનો ઉપાડ**

| વોર્ડ | ફોર્મ |
|---|---|
| ૧ | ૩ |
| ૨ | ૫ |
| ૩ | ૫ |
| ૪ | ૭ |
| ૫ | ૫ |
| ૬ | ૨ |
| ૭ | ૩ |
| ૮ | ૩ |
| ૯ | ૨ |
| ૧૦ | ૩ |
| ૧૧ | ૭ |


તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

શહેરા તાલુકાના નવી વાડી થી યાત્રાળુઓનો સંઘ મોટી સંખ્યામાં ચાલતા નવી વાડી થી પાવાગઢ મહાકાળીના દર્શને નિકળ્યો હતો. માર્ગમાં ઠેર-ઠેર પગપાળા સંઘનું અને માતાજીના રથનું સૌએ સ્વાગત કર્યું હતું.

# કાલોલ તાલુકાના અલીન્દ્રા ચોકડી વેસ્ટના બોરાં ફેંકી પ્રદુષણ ફેલાવવાનો કોનો પ્રયાસ?

**- આ પ્રકારે કિંમતી મીનનો નાશ કરવાનો પ્રયાસ.**
**- અંતરીયાળ વિસ્તારમાં બોરાની તપાસ કરવામાં આવે તે જરૂરી.**

કાલોલ,
કાલોલ તાલુકાના અલીન્દ્રા ચોકડી પાસેના એક ખેતરમાં ઔદ્યોગિક વેસ્ટના બોરાં ફેંકી પ્રદુષણ ફેલાવવાનો પ્રયત્ન કરવામાં આવતાં રહિશોમાં ભારે નારાજગી જન્મી છે.આ પ્રકારે કિંમતી મીનનો નાશ કરવાનો પ્રયાસ કરાયો છે. જેથી અંતરીયાળ વિસ્તારમાં શેના બોરાં છે. તેની તપાસ કરવામાં આવે તે જરૂરી છે.


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ તાલુકાના અલીન્દ્રા ચોકડી આવેલી છે. અહીં ખેતી લાયક જમીન હોવાની સાથે સાથે રહેણાંક વિસ્તાર આવેલો છે. આ વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક એકમોમાંથી નકામો કચરો વિપુલ પ્રમાણમાં નિકળે છે. અને કાયદા પ્રમાણે આ ઈન્ડસ્ટ્રી વેસ્ટના નિકાલ માટે ચોકકસ નિયમો બનાવવામાં આવ્યા છે. આ કચરાને નાશ કરવામ માટેની જવાબદારી ઔદ્યોગની છે. પરંતુ ખર્ચો બચાવવા માટે ગમે તેમ ખુલ્લામાં ફેંકી દેવામાં આવતા હોવાને અનેકવાર બૂમો ઉઠી રહી છે. અને તેની તપાસ કરવામાં આવતી નથી. જેના કારણે આવા ઉદ્યોગોને જાહેરમાં વેસ્ટનો નિકાલ કરવામાં આવતાં લોકોમાં નારાજગી જન્મી છે. ફરી એકવાર તાલુકાના અલીન્દ્રા ચોકડી પાસે આવેલ એક ખેતરમાં ઔદ્યોગિક કચરાના નિકાલ માટે બોરીઓ ફેંકી દેવાનું બહાર આવતાં ખળભળાટ મચી ગયો છે. કાયદાની ઐસીતૈસી કરીને પોતાની ફરજ ચુકી જતાં ઔદ્યોગિક સંચાલકે બેફામ રીતે જમીન પર બોરાના ધબેકા ખાલી કરી જમીન ને પ્રદુષિત કરવા જઈ રહ્યું છે. આવા અંતરીયાળ વિસ્તારમાં ડસ્ટ ભરીને બોરાઓ નાખવાંમા કોનો છે પ્રયાસ ? અને આવા વિસ્તારોની શું પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે કે કેમ ? આ અંતરીયાળ વિસ્તારમાં ડસ્ટના બોરાં નાખવામાં આવેલ જમીન કોઈની માલિકીની છે ? કે પછી સરકારી જેની લાગતાં વળગતા તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે ? કે કેમ તે હવે જોવાનું રહ્યું. જો તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવીને આવા કાયદાનો ભંગ કરનાર સામે કડક પગલાં ભરવામાં આવે તો ફરી એકવાર ઘટના બનતી અટકી શકે તેમ છે.

# કોરોના કાળમાં ગોધરાના પશ્ચિમ વિસ્તારમાં બંધ કરેલા બસ રૂટો પુનઃ ચાલુ કરવા માંગ

નદીસર,
ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તરના ગામોમાં કોરોના કાળ અને લોકડાઉન દરમ્યાન બંધ કરેલા એસ.ટી.બસ રૂટ પુનઃ ચાલુ કરવા માંગ ઉઠી છે.

આ અંગે પ્રાપ્ત માહિતી વિગતો મુજબ ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના નદીસર, રતનપુર(કાં), મોર્યો, કાંકણપુર સહિત આસપાસના ગામોને સુવિધા રૂપ બસ રૂટ ગોધરા એસ.ટી. તંત્ર દ્વારા બંધ કરી દેવાતા આ તરફના મુસાફરો નોકરીયાતો અને ખાસ કરીને હવે શાળા-કોલેજો શરૂ થતાં વિદ્યાર્થીઓને મોટી મુશ્કેલી સહન કરવી પડે છે. ત્યારે ગોધરા ડેપો દ્વારા તાત્કાલીક ધોરણે ગોધરા-નદીસર (વાયા-કાંકણપુર) નાઈટ બસ જ્યારે ગોધરા થી સવારે ૧૦-૩૦ વાગે ઉપડી વાયા-છકડીયા ચોકડી કાંકણપુર, રતનપુર, નદીસર-સેવાલીયા થઈ બાલાસીનોર અને ત્યાં થી તેજ રૂટ પર પરત જ્યારે બપોરે ૩.૩૦ વાગે ગોધરા થી ઉપડી વાયા વેગનપુર થઈ નદીસર આવે તેમ તે મુજબ બસ રૂટ ખાસ કરીને શાળા કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ માટે શરૂ કરવા માંગ ઉઠી છે.

# કાલોલના કાનોડ-પીંગળી રોડ ઉપર ખેતરમાં સંતાડેલ દારૂ સાથે એક ઈસમ ઝડપાયો

કાલોલ,
કાલોલ તાલુકાના પીંગળી-કાનોડ તરફ જતાં માર્ગ ઉપર આરોપીના ખેતરમાં બનાવેલ ઓરડીમાં દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ઈંગ્લીશ દારૂ અને બીયર ટીન મળી ૭૧,૬૪૦/- રૂપિયાના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના પીંગળી-કાનોડ તરફ જતા રોડ ઉપર વિનોદ ઉર્ફે ભાદો રણછોડભા ચૌહાણ મકાઈના વાવેતર કરેલ ખેતરમાં ઓરડી બનાવેલ હોય આ ઓરડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે તેવી બાતમીના આધારે કાલોલ પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ઈંગ્લીશ દારૂ પ્લાસ્ટિક બોટલ, બીયર ટીન નંગ-૧૬૨ તેમજ કવાટરીયા નંગ-૪૮ કિંમત ૭૧,૬૪૦/- રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસની રેડ સમયે વિનોદ ઉર્ફે ભાદો ચૌહાણ પોલીસના હાથે ઝડપાઈ જવા પામ્યો. આ બાબતે કાલોલ પોલસી મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# કાલોલના વેજલપુર ગ્રામ પંચાયતમાં ચાલતા વિકાસના કામોમાં ભ્રષ્ટાચારના આક્ષેપ

**- ગટરલાઈનના ચેમ્બરોમાંથી પીવાના પાણીની પાઈપ લાઈન પસાર કરવામાં આવી.**
**- પીવાના પાણીની પાઈપ લાઈનમાં હલ્કી અને તકલાદી પાઈપનો ઉપયોગ.**
**- પાણીની પાઈપ લાઈનના કામમાં કોન્ટ્રાકટર અનુભવી ન હોવાની ચર્ચા.**
**- નાણાંની ખાયકી કરવા માટે મન મરજી મુજબ નીતિ નિયમોનું પાલન કર્યા વગર કામગીરી.**
**- આ કામગીરીનીન યોગ્ય તપાસ થશે ખરી ?**

કાલોલ,
કાલોલ તાલુકામાં સૌથી મોટી ગણાતી વેજલપુર ગ્રામ્ય પંચાયત વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા હોય જેને પાણીની પાઈપ લાઈન તેમજ ગટર લાઈનની કામગીરી કરવામાં આવી રહી છે. હાલ આ કામગીરી કરતાં કોન્ટ્રાકટ દ્વારા પીવાના પાણીની લાઈન ઉપર ગટર લાઈનની ચેમ્બરોથી પસાર કરાઈ છે. જે ભવિષ્યમાં ગ્રામજનોના આરોગ્ય માટે જોખમ ઉભું કરેલ છે.

કાલોલ તાલુકાની સૌથી મોટી વેજલપુર પંચાયત છે. માત્ર વિસ્તારની દ્દષ્ટિથી નહિ પણ વેપાર ધંધામાં વેજલપુર ગામ અગ્રસરનું સ્થાન ધકરાવે છે. પરંતુ ગ્રામજનોની કમનસીબે કહો કે પંચાયતના વહીવટકર્તાઓની અનદેખી પણ આટલા વર્ષો પછી પણ વેજલપુર પંચાયત વિકાસમાં આગળ આવી નથી. હાલ વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા હાલ ગટર લાઈનની તેમજ પીવાના પાણીની પાઈપ લાઈનની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગટર લાઈનની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગટર લાઈનની કામગીરીમાં ચેમ્બરો બનાવવામાં આવી છે. તેવી ચેમ્બરોમાંથી પીવાના પાણીની પાઈપ લાઈન પસાર કરવામાં આવી રહી છે. તેમાં પણ પીવાના પાણીની પાઈપ લાઈનમાં હલ્કી અને તકલાદી પાઈપનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જો ભવિષ્યમાં પીવાના પાણીની લાઈનમાં લીકેજ જેવો પ્રશ્ન થાય તો ગટર લાઈનનું ગંદુ પાણી પીવાના લાઈનમાં ભળી શકે છે. ગ્રામજનોના આરોગ્ય જોખમમાં મૂકી શકે છે. વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં ગટર લાઈન અને પાણીની પાઈપ લાઈનના કામમાં કોન્ટ્રાકટર અનુભવી ન હોવાનું જણાઈ રહ્યું છે. અથવા તો આવી વિકાસલક્ષી યોજનાઓમાં નાણાંની ખાયકી કરવા માટે મન મરજી મુજબ નીતિ નિયમોનું પાલન કર્યા વગર કામગીરી કરવામાં આવી છે. હાલ વેજલપુર ગ્રામ પંચાયતમાં થયેલ ગટર લાઈનના પાણીની પાઈપ લાઈન માટેની નાણાંની ચુકવણી કરવામાં આવે તે પહેલા થયેલ કામો નીતિ નિયમો મુજબ થયા છે કેમ તેની તપાસ અધિકારી દ્વારા કરવામાં આવે તે જરૂરી છે.

વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા જુન ૨૦20માં સીસીરોડ પાણીની પાઈપ લાઈન, ગટર લાઈન જેવી કામગીરી માટે લાખો રૂપીયાની ગ્રાન્ટ ફળવાઈ છે. આવી ગ્રાન્ટો માંથી પંચાયત વિસ્તારોમાં કેટલા કામ થયા છે અને કેટલા કામો થયા વગર આવી વિકાસલક્ષી ગ્રાન્ટોની ખાયકી કરાઈ છે. તે પંચાયતના એપ્રોવર્ડ એકશન પ્લાન રિપોર્ટ જોઈને ગ્રામજનો નકકી કરી શકશે.

**એપ્રોવર્ડ એકશન પ્લાન રિપોર્ટ**

સી.સી.રોડ - 3,00,000/- જુન-૨૦૨૦
સી.સી.રોડ - ૫,00,000/- જુન-૨૦૨૦
સી.સી.રોડ - ૧,0૯,3૩૧/- જુન-૨૦૨૦
સી.સી.રોડ - 3,00,000/- જુન-૨૦૨૦
સી.સી.રોડ - ૧,0૯,3૩૧/-જુન- ૨૦૨૦
પાઈપલાઈન - ૨,00,000/- જુન-૨૦૨૦
ગટરલાઈન - ૫,00,000/-જુન -૨૦૨૦
ગટરલાઈન - ૨,0૯,3૩૧/-જુન-૨૦૨૦
સી.સી.રોડ - 3,00,000/- જુન-૨૦૨૦
સી.સી.રોડ - ૫,00,000/-જુન-૨૦૨૦
પાઈપલાઈન - 3,00,000/-જુન-૨૦૨૦
ગટરલાઈન - ૫,00,000/-જુન-૨૦૨૦
પાઈપલાઈન -૧,00,000/-જુન-૨૦૨૦
પાઈપલાઈન - ૫,00,000/-જુન-૨૦૨૦
સી.સી.રોડ- ૫,00,000/-જુન-૨૦૨૦
પાઈપલાઈન- ૪,00,000/-જુન-૨૦૨૦
સી.સી.રોડ - ૫,00,000/-જુન-૨૦૨૦
૫૪,૧૮,૬૬૨/-

રિપોર્ટ ગ્રાન્ટેડ ૧૮/૧૨/૨૦૨૦ ૧૧.૩૫ કલાકે આ ઉપરથી ખ્યાલ આવશે કે વેજલપુર ગ્રામ પંચાયતમાં વર્ષની ગ્રાન્ટ કેટલી આવે છે. અને વપરાય છે. આ વેજલપુર પંચાયતની તારીખ છે. આંકડાકિય માહિતી આંખે વળગી તેવી છે.